**મોરબીના મહે.ત્રીજા અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.મોરબી**

**ક્રિમીનલ કેસ નં.– ૨૭૧૨/૨૦૨૬**

**આંક–**

| | | |
|---|---|---|
| ફરીયાદી | :– | શ્રી સરકાર<br>વિરુધ્ધ |
| **આરોપી** | :– | **રોહિતભાઈ જીતેશભાઈ કાંજીયા<br>રહે.મોરબી, તા.મોરબી, જી.મોરબી** |
| સરકાર તર્ફે | :– | વિ.એ.પી.પી. |
| **આરોપી તર્ફે** | :– | **વિ.વ.શ્રી પી.એ.જાડેજા** |

**ગુન્હો–પ્રોહીબીશન એકટની કલમ :– ૬૫(એ)(એ) મુજબ..**

**ચુકાદો**

૧. આ કામના ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પ્રોહીબીશન એકટની કલમ:–૬૫(એ)(એ) મુજબ શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે જે અંગે તપાસ કરી તપાસ કરનાર અમલદારે ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે. ચાર્જશીટમાં ત.ક.અમલદાર ઘ્વારા આરોપીનો આ કેટલામો ગુનો છે તેવો કોઈ ઉલ્લેખ કરેલ નથી.

૨. આરોપી કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની જોગવાઈઓ મુજબ જરૂરી કાગળોની નકલો વીના મુલ્યે આપી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે.

૩. આરોપીએ ગુના અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે વાંચી સંભળાવતા તેઓને સમજણ પુર્વક ગુનાની કબુલાત કરેલ છે. આરોપીએ તેની રજુઆત કરતા જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે અને કુંટુબમાં એકમાત્ર કમાવનાર વ્યકિત છે અને હવે પછી આવો ગુનો ફરી વખત નહી કરવાની ખાત્રી આપેલ છે. આરોપીને તેના ગુના બદલ વધુમાં વધુ કેટલી સજા થઈ શકે છે તે અંગેની સમજણ આપવા છતા તેઓ પોતાની કબુલાતને વળગી રહેતા હોઈ, આરોપીને આ કબુલાત સ્વૈચ્છીક નહિ હોવાનું માનવાને કોઈ કારણ રહેતું નથી.

૪. કેસની હકિકતો, આરોપીના આર્થીક સંજોગો, આરોપીની ગુનાની સ્વૈચ્છીક કબુલાત તેમજ ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજ્ય વિરૂધ્ધ નટવર હરજીચંદજી જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં.૭૦૯ ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***હુકમ***

આ કામના આરોપી ને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૬૪ અન્વયે પ્રોહીબીશન એકટની **કલમ–૬૫ (એ)(એ)** અન્વયે ગુના સબબ **રૂ.૨૦૦/–** નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો **દિન–૭** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામના મુદામાલ દારૂનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાતમુચરકા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ હેઠળ ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ તા.૧૪ મી માર્ચ સને–૨૦૨૬ ના રોજના મેજીસ્ટ્રેટના સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખ : ૧૪/૦૩/૨૦૨૬ ફોજદારી દંડની રકમ રૂ.________________**
**સ્થળ:– મોરબી.**

**દંડની પહોંચ નં.______________,**
**તા.૧૪/૦૩/૨૦૨૬**
**વસુલ લીધી.**

**નાજર/ આસીસ્ટન્ટ,**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**મોરબી.**

**(જે.જે. ગઢવી)**
**ત્રીજા અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**મોરબી**
**(જીજે ૦૧૩૪૪)**